


Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૭ ૨૭ એપ્રિલ, ૨૦૧૫, સોમવાર ; વૈશાખ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મૃત્યુઆંક ૨૩૦૦ પર પહોંચ્યો : બચાવ આડે અડચણ :બચાવ તેમજ રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : લોકોમાં વ્યાપક દહેશત મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ હોવાની દહેશત

કાઠમાડુ,તા. ૨૬

સમગ્ર નેપાળને હચમચાવી મુકનાર ૭.૮ની તીવ્રતા સાથેના શનિવારના ભૂંકપમાં મોતનો આંકડો રોકેટગતિએ વધીએ વધી રહ્યો છે. આજે સતત બીજા દિવસે જારી રહેલા આંચકાઓના દોર વચ્ચે મોતનો આંકડો વધીને ૨૩૦૦થી ઉપર પહોંચી ગયો હતો. હજુ મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. કારણ કે અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેટળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. પાટનગર કાઠમાડુ સહિત તમામ ભૂંકપગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂંકપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ હજુ અકબંધ છે. લોકએ સમગ્ર રાત્રી જાગીને ગાળી હતી. ભૂંકપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપસ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ. નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂંકપ બાદ હજુ સુધી૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૫૦ આંચકા આવી ચુક્યા છે. આંચકાઓ સતત જારી રહેતા લોકોની હાલત કફોડી બનેલી છે. નેપાળમાં ગઈકાલે વિનાશકારી ભૂંકપ બાદ કલાકોના ગાળામાં જ નેપાળના મોટા ભાગના ઐતિહાસિક સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા હતા.જેમાં પાટનગર કાઠમાન્ડુમાં સ્તિત ધરહરા મીનાર અને લોકપ્રિય દરબાર સ્કેવેયર સહિતના સ્થળનો સમાવેશ થાય છે. નેપાળમાં બારપક લારપક વિસ્તારમાં આશરે એક હજાર મકાનમાંથી ૯૦

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતી પ્રવાસીઓને પરત લાવવા વિશેષ વ્યવસ્થા

## મુખ્યમંત્રીશ્રીની ભૂકંપમાં ફસાયેલા ગુજરાતીઓને શક્ય તમામ મદદ પુરી પાડવા નિવાસી કમિશનરને સૂચના : ગુજરાત ભવન ખાતે તથા ગુજરાત સમાજ ખાતે જરૂરી વ્યવસ્થા ઉભી કરાઈ



ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે નેપાળમાં આવેલા ભયાનક ભૂકંપની આપદામાં ફસાયેલા ગુજરાતીઓનો સંપર્ક કરવા - ભાળ મેળવવા તથા શક્ય તે તમામ મદદ પૂરી પાડવા માટે દિલ્હી ખાતેના ગુજરાતના રેસિડેન્ટ કમિશનરને તથા ગુજરાતના આપત્તિ વ્યવસ્થાપન તંત્રને જરૂરી સૂચનાઓ આપી છે. મુખ્યમંત્રીશ્રીની ઓફિસ તથા રીલીફ કમિશનરશ્રીની કચેરી પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખી રહી છે અને રેસિડેન્ટ કમિશનરની કચેરી સાથે સતત સંપર્કમાં છે.

ગુજરાત રાજ્યની રેસિડેન્ટ કમિશનરની કચેરી (આર.સી. કચેરી) નેપાળના કાઠમંડુ ખાતે ભારતીય વિદેશ મંત્રાલય અંતર્ગત આવેલી ભારતીય દૂતાવાસ કચેરીના સંપર્કમાં રહી નેપાળના વિવિધ વિસ્તારોમાં ભૂકંપમાં ફસાયેલા ગુજરાતીઓને સલામત રીતે પરત લાવવા પ્રયત્નો કરી રહી છે. આર. સી. કચેરી એરપોર્ટ ઓથોરીટી સાથે પણ સતત સંપર્કમાં છે અને પ્રવાસીઓ માટે જરૂરી વ્યવસ્થા કરી રહી છે. અધિકારીઓને ૨૪×૭ માટે એરપોર્ટ ખાતે ફરજો સોંપવામાં આવી છે. તેમજ ગુજરાત ભવન ખાતે કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના તબીબો કાઠમંડુ એરપોર્ટ પર અટવાયા

## શહેરના ૩૭ યાત્રાળુઓ અને માણસાના ૪૦ યાત્રાળુઓ ધોરીમાર્ગે લકઝરી મારફતે હેમખેમ પરત આવવા નિકળ્યા

ગાંધીનગર, તા. ૨૬

નેપાળમાં આવેલા ભૂકંપ બાદ કાઠમંડુમાં ફસાયેલા ગાંધીનગરના ત્રણ તબીબો સહીસલામત છે. પરંતુ તેઓ હજુ સુધી એરપોર્ટ પર ફસાયા છે. તેઓ જે ફલાઈટમાં આવવાના હતા તે ફલાઈટ ન આવતા તેઓ આજે સવારથી એરપોર્ટ પર બેઠા છે.

ગાંધીનગર જિલ્લાના અન્ય ૩૭ જેટલા મુસાફરો આજે મોટર માર્ગે પરત ગુજરાત આવવા નીકળી ગયા છે.

નેપાળમાં આવેલા ભયાનક ભૂકંપ બાદ હજ્જારો ભારતીયો નેપાળમાં ફસાયા છે. ગાંધીનગરના પણ ૪૦ થી વધુ મુસાફરો નેપાળમાં હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા. કાઠમંડુમાં યોજાયેલી મેડીકલ કોન્ફરન્સમાં ભાગ લેવા પહોંચેલા ગાંધીનગરના ત્રણ બાળ નિષ્ણાંત તબીબો ડૉ. રાજન દોશી તેમના ધર્મપત્નિ ડૉ. રૂપલ દોશી અને ડૉ. અંકિત પટેલ સહીસલામત છે અને ગુજરાત પરત આવવાના સતત પ્રયત્નો કરી રહ્યા છે. ગાંધીનગર સમાચાર સાથે થયેલી ટેલીફોનીક વાતચીતમાં ડૉ. રાજન દોશીએ જણાવ્યું કે કાઠમંડુ એરપોર્ટમાં ભારે અવ્યવસ્થાની સ્થિતિ સર્જાઈ છે. ઘણા બધા દેશોના પ્લેન કાઠમંડુ એરપોર્ટ પર લેન્ડ થતાં મુસાફરોને પરત લાવવામાં ભારે મુશ્કેલી અનુભવાઈ રહી છે. આજે સવારે ૮ વાગે તેઓ એરપોર્ટમાં ચેકઈન થઈ ગયા હતા.

એરફોર્સના વિમાનો ભારતીય નાગરિકોને પરત લાવવાની કામગીરીમાં જોડાયા છે. પરંતુ ડૉ. રાજન દોશી અને અન્ય તબીબો પાસે રીટર્ન એર ટિકીટ હોવાથી એરફોર્સે તેઓને એરોર્સના વિમાનને બદલે જે તે ફલાઈટમાં જ આવવા માટે જણાવ્યુ હતુ. જો કે બપોરે ૪ વાગ્યાની તેઓની સ્પાઈસ જેટની ફલાઈટ એરપોર્ટ પર મોડી સાંજ સુધી ન આવતા તેઓ અન્ય પ્રવાસીઓ સાથે એરપોર્ટ પર અટવાઈ ગયા છે. સ્પાઈસ જેટની

● અનુસંધાન પાન-૭ પર

# નેપાળના ભૂકંપ પિડીતો માટે ગુજરાત ૨૫ હજાર ડ્રાયફ્રુટ પેકેટ્સ મોકલશે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સરકાર અને રાજ્યના નાગરિક ભાઈ બહેનો, સેવા સંગઠનો નેપાળમાં ભૂકંપની તબાહીમાં તારાજ થયેલા લોકોની સહાય માટે ૨૫ હજાર ફુડ પેકેટ્સ ભારત સરકારની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંકલનમાં રહીને મોકલશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની અધ્યક્ષતામાં મળેલ ઉચ્ચસ્તરીય બેઠકમાં કુદરતી આપદાનો ભોગ બનેલા નેપાળવાસીઓને શક્ય તમામ મદદ - સહાય ગુજરાત કેન્દ્ર સરકારના માર્ગદર્શન-પરામર્શ અનુસાર મોકલશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે આ બેઠકમાં રાહત કમિશનરશ્રી તથા જી.એસ.ડી.એમ.એ.ના તંત્રવાહકોને દિશા નિર્દેશ આપતાં કહ્યું કે, ફૂડ પેકેટ્સમાં સૂકો ખોરાક, ગ્લૂકોઝ, ડ્રાય સુગર પૂરી વગેરે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૦૦થી વધુ તળાવોમાં પોરાભક્ષક માછલીઓ ઉછરી રહી છે

## શહેરમાં અત્યારે દેખાતા મચ્છરો મેલેરિયાના નથી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નાથવા માટે જિલ્લાના ૧૦૦ જેટલા તળાવોમાં પોરાભક્ષક માછલીઓના ઉછેરની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મેલેરિયા, ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગચાળાને નાથવા માટે આ પોરાભક્ષક માછલીઓ આગામી દિવસોમાં વધુ કેન્દ્રો પર ઉછેરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે બારમાસી તળાવોની પસંદગી પ્રથમ તબક્કામાં કરાઈ છે અને જિલ્લાના ચારેય તાલુકાઓમાં તે પથરાયેલા છે. આ માટે તંત્રએ અત્યારથી કામગીરી હાથ ધરી દીધી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષથી વાહક જન્ય રોગચાળો ઘણો નિયંત્રિત રહ્યો છે એટલુ જ નહિ તેમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પણ તંત્ર તેની કામગીરીમાં કોઈ કચાશ રાખવાના મુડમાં નથી.

બીજી તરફ હાલ ગાંધીનગરમાં મચ્છરોની ઉત્પત્તિ જોવા મળી રહી છે તેમજ તેની ગીચતા પણ વધુ જોવા મળી રહી છે. જો કે તંત્રના કહેવા મુજબ આ મચ્છરો મેલેરિયાના નથી.

મેલેરિયાના મચ્છરો સ્વચ્છ પાણીમાં જ થતા હોય છે. મેલેરિયાના મચ્છરો નથી અત્યારે જે મચ્છરો જોવા મળી રહ્યા છે તે ક્યુસેક્સ મચ્છર છે. અને તે ઉડતી વેળાએ અવાજ કરતા હોય છે તે તેની ઓળખ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં છુટાછવાયા મેલેરિયાના કેસો જોવા મળ્યા છે પરંતુ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવું છે.







